# જનસંપર્ક અધિકારી,

## પોલીસ કમિશનરશ્રીની કચેરી,અમદાવાદ શહેર

પી.આર.ઓ. : ટેલીફોન નંબર ૨૫૬૩૩૩૩૩

કંટ્રોલરૂમ નં. ૨૫૬૩૦૧૦૦,૨૫૬૩૦૨૦૦, ૨૫૬૩૦૪૦૦ ફેક્સઃ ૨૫૬૩૦૬૦૦


**તા.૧૭/૦૨/૨૦૨૫ સોમવાર**

## અમદાવાદ શહેર પોલીસ સમાચાર

**નશાબંધી તથા જુગાર ધારા હેઠળ ઝડપાયાઃ—** **સમાચાર યાદી નં.૨૫૧/૨૦૨૫**

શહેર પોલીસે ગઈકાલે નશાબંધી ધારા હેઠળ ૪૧ કેસ કરી, ૩૯ વ્યક્તિઓને ઝડપી, ૭૩ લીટર દેશી દારૂ, ૩ બોટલ ઇંગ્લીશ દારૂ, ૨ ક્વાર્ટર ઇંગ્લીશ દારૂ, ૧ રિક્ષા અને ૧ મોટર સાયકલ કબજે કર્યુ હતું. તેમજ જુગાર ધારા હેઠળ ૪ કેસ કરી ૨૨ વ્યક્તિઓને ઝડપી રોકડ રૂપિયા ૩૬,૦૮૦/— અને જુગારના સાધનો કબજે કર્યા હતા.

**તકેદારીના પગલા હેઠળ ઝડપાયાઃ—** **સમાચાર યાદી નં.૨૫૨/૨૦૨૫**

શહેર પોલીસે ગઈકાલે તકેદારીના પગલા હેઠળ બી.એન.એસ.એસ.૧૨૬,૧૨૮,૧૨૯,૧૭૦ મુજબ ૩૫ વ્યક્તિઓની અટકાયત કરી હતી.

**ઘરફોડઃ—** **સમાચાર યાદી નં.૨૫૩/૨૦૨૫**

**ઘાટલોડીયાઃ** નવીનભાઈ ભાઈલાલભાઈ પાટડીયા (રહે. અંબિકાનગર સોસાયટી વાઘેશ્વરી રોડ ચાંદલોડીયા) એ ઘાટલોડીયા પોલીસ સ્ટેશન ખાતે ફરીયાદ નોધાવી છે કે તા.૧૬/૦૨/૨૦૨૫ રાતના કલાક ૩/૩૦ વાગ્યાના સુમારે પોતાના મકાનના દરવાજાનું તાળું તોડી બુકાની ધારી ત્રણ પુરૂષ ઘરમાં પ્રવેશ કરી તિજોરીમાંથી સોના—ચાંદીના દાગીના અને રોકડ રૂપિયા મળી કુલ રૂપિયા ૧,૯૧,૫૦૦/— મતાની ચોરી કરી લઇ ગયા છે. આ ગુનાની તપાસ પો.સ.ઈ.શ્રી કે.જે.પાંડર ચલાવે છે.

**ચાંદખેડાઃ** જયેશકુમાર ગીરીશચંદ્ર રાવત (રહે. શિવશક્તિનગર સોસાયટી ગુજરાત હાઉસીંગ બોર્ડ ચાંદખેડા) એ ચાંદખેડા પોલીસ સ્ટેશન ખાતે ફરીયાદ નોધાવી છે કે તા.૧૫/૦૨/૨૦૨૫ રાતના કલાક ૦૦/૦૦ થી સવારના ૭/૦૦ વાગ્યા સુધીના સમયગાળા દરમ્યાન પોતાના મકાનના દરવાજાનો નકુચો તોડી અજાણી વ્યક્તિ ઘરમાં પ્રવેશ કરી તિજોરીમાંથી સોના—ચાંદીના દાગીના, ચાંદીના સિક્કા નંગા—૨ મળી કુલ કિમત રૂપિયા ૧,૬૪,૪૦૦/— મતાની ચોરી કરી લઇ ગઈ છે. આ ગુનાની તપાસ પો.સ.ઈ.શ્રી એચ.એમ.આહિર ચલાવે છે.

**રાણીપઃ** સુરેશભાઇ લાભશંકરભાઇ પંડ્યા (ઉ.વ.૬૧) (રહે. રાજેશ્વરી સોસાયટી સુવર્ણ ફ્લેટની બાજુમાં રાણીપ) એ રાણીપ પોલીસ સ્ટેશન ખાતે ફરીયાદ નોધાવી છે કે તા.૧૬/૦૨/૨૦૨૫ કલાક ૪/૦૦ થી સવારના ૬/૦૦ વાગ્યા સુધીના સમયગાળા દરમ્યાન પોતાના મકાનના દરવાજાનું તાળું તોડી અજાણી વ્યક્તિ ઘરમાં પ્રવેશ કરી તિજોરીમાંથી સોના—ચાંદીના દાગીના, ચાંદીના સીક્કા નંગ—૧૧, ચાંદીની વસ્તુઓ, અને રોકડ રૂપિયા ૬૦,૦૦૦/— મળી કુલ રૂપિયા ૧૧,૬૬,૫૦૦/— મતાની ચોરી કરી લઇ ગઈ છે. આ ગુનાની તપાસ પો.સ.ઈ.શ્રી જે.આર.સોલંકી ચલાવે છે.

**નારોલઃ** મંજીતકૌર ડો/ઓ ચમનદીપસિંઘ ઢીલ્લોન (રહે. શારીકા સોસાયટી સમ્રાટનગરની અંદર ઈસનપુર નારોલ) એ તા.૧૬/૦૨/૨૦૨૫ ના રોજ નારોલ પોલીસ સ્ટેશન ખાતે ફરીયાદ નોધાવી છે કે તા.૧૪/૨/૨૦૨૫ સવારના ૫/૦૦ વાગ્યાના સુમારે એક મોટર સાયકલ ઉપર આવેલ બે પુરૂષ પોતાના મકાનના દરવાજાનું તાળું તોડી ઘરમાં પ્રવેશ કરી સોના–ચાંદીના દાગીના મળી કુલ રૂપિયા ૫,૧૯,૪૧૪/– મતાની ચોરી કરી લઇ ગયા છે. આ ગુનાની તપાસ પો.ઇ.શ્રી પી.સી.દેસાઇ ચલાવે છે.

**સાબરમતીઃ** દેવદત્તભાઇ ગુરૂદયાલ શર્મા (ઉ.વ.૬૮) (રહે. કાલી ગોપાલનગર કો.ઓ.હા.સોસાયટી સર્વોત્તમનગર પાસે ભુત બંગલા ચાર રસ્તા જવાહર ચોક રોડ સાબરમતી) એ તા.૧૬/૦૨/૨૦૨૫ ના રોજ સાબરમતી પોલીસ સ્ટેશન ખાતે ફરીયાદ નોધાવી છે કે તા.૨૨/૦૧/૨૦૨૫ થી તા.૧૫/૦૨/૨૦૨૫ સુધીના સમયગાળા દરમ્યાન પોતાના મકાનના દરવાજા/જાળીના નકુચા તોડી અજાણી વ્યક્તિ ઘરમાં પ્રવેશ કરી તિજોરી/કબાટ ખોલી/તોડી કબાટ/તિજોરીમાંથી સોનાના દાગીના અને ચાંદીના ચોરસો/દાગીના અને રોકડ રૂપિયા મળી કુલ રૂપિયા ૬,૮૬,૦૦૦/– મતાની ચોરી કરી લઇ ગઈ છે. આ ગુનાની તપાસ પો.ઇ.શ્રી એચ.એન.પટેલ ચલાવે છે.

**સોનાની ચેઈન ઝુટવી લઈ ગયાઃ–** **સમાચાર યાદી નં.૨૫૪/૨૦૨૫**

**મણીનગરઃ** દિયા ડો/ઓ નિરવભાઇ દોશી (રહે. શ્રીનાથ ફ્લેટ બેસ્ટ સ્કૂલ પાસે ગોરધનવાડી ટેકરો મણીનગર) એ મણીનગર પોલીસ સ્ટેશન ખાતે ફરીયાદ નોધાવી છે કે તા.૧૬/૦૨/૨૦૨૫ સવારના ૭/૦૦ વાગ્યાના સુમારે દિયા દોશીનો ભાઇ મણીનગર પ્રાણશંકર હોલ સામેથી ચાલતા પસાર થઈ રહ્યો હતો દરમ્યાન એક સ્પોર્ટસ મોટર સાયકલ ઉપર આવેલ બે પુરૂષ દિયા દોશીના ભાઇના ગળામાંથી સોનાની ચેઈન કિમત રૂપિયા ૮૦,૦૦૦/– ઝુટવી લઈ નાસી ગયા હતા. આ ગુનાની તપાસ પો.સ.ઈ.શ્રી એસ.આઇ.પટેલ ચલાવે છે.

**આત્મહત્યાઃ–** **સમાચાર યાદી નં.૨૫૫/૨૦૨૫**

**ઓઢવઃ** ઓઢવ મહાકાળી સો મીલ લાકડાના ડેમચા નજીક નીલ પેટ્રોલપંપ પાસે ઓઢવ રીંગ રોડની બાજુમાં જય માતાજી કાર્ગો સર્વીસ નામની ટ્રાન્સપોર્ટ ઓફીસ ખાતે રહેતા કિરણભાઇ ભુરાભાઇ રાવળ (ઉ.વ.૨૪) (મુળ વતન. ગામ–મુરપા તા–સરસ્વતી જી–પાટણ) એ અગમ્ય કારણસર તા.૧૬/૦૨/૨૦૨૫ બપોરના ૪/૪૫ વાગ્યા પહેલા ટ્રાન્સપોર્ટની ઓફીસમાં છતના હુક સાથે ચાદર બાંધી ગળેફાંસો ખાઈ આત્મહત્યા કરી હતી. આ અંગે ઓઢવ પોલીસે અકસ્માત મોત નોધી આ અંગેની તપાસ હે.કો.શ્રી રમેશભાઇ બોઘાભાઇ ચલાવે છે.

પોલીસ ઇન્સ્પેક્ટર,
કંટ્રોલરૂમ, અ'વાદ શહેર.
પોલીસ કમિશનર વતી